આનંદનગર પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ કર્મચારી અધિકારીઓએ પીજી હોસ્ટેલની મુલાકાત લઇ મહિલાઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો મહિલા સુરક્ષા હેલ્પ લાઇન ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા






દાણીલીમડા.પો.સ્ટેશન ખાતે શાંતિ- સમિતિના સભ્યો તથા મહિલા સમિતિ ના સભ્યો ની મીટીંગ રાખેલ. દાણીલીમડા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.એસ.ચાવડા સાહેબ શ્રીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ જેમા પો.સ.ઇ.શ્રી જે.એસ.ગામીત સાહેબ તથા શાંતિ સમિતિ ના આગેવાનો ને દર વર્ષની જેમ આ વર્ષે પણ બકરીઈદ નો તહેવાર શાંતિ અને ભાઈચારાના વાતવરણમા કોમી-એખલાસ સાથે ઉજવાય અને પો.સ્ટેશન વિસ્તારમાં કોમી એખલાસ નું અને શાંતિ નું વાતાવરણ બની રહે. તે સારૂં મીટીંગ નું આયોજન કરવામાં આવેલ તેમજ મીટીંગ માં હાજર સભ્યોને સૂચનાઓ આપેલ કે બકરીઈદ ના તહેવાર માં જાનવરોની વાહન વ્યવહાર મા લાવવામાં આવે છે. તો ગેરકાયદેસર જાનવરોની હેરા ફેરી થતી હોય એવું લાગે તો કોઈપણ જૂથ કે સંસ્થાના સભ્યોએ ગાડી જ્યાં ત્યાં ગાડી રોકવી નહીં તેમજ ઘર્ષણ માં ઉતરવું નહીં કહી પણ ખોટું જણાય તો પોલીસ ને જાણ કરવી.તેમજ મુસ્લિમભાઈઓ પણ બકરીઈદ નો તહેવાર સારી રીતે ઉજવણી કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ.




